# BE-681

Seat No.________

## M. A. (Sem. - IV) Examination

March/April – 2014

## Gujarati : Paper - 403

(સમીક્ષા) (અપઠિત)

(Core Course)

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) પ્રત્યેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેનામાંથી કોઈ પણ **એક** વિશે નિબંધ લખો.

(૧) લોકશાહીમાં ચૂંટણીનું મહત્ત્વ.

(૨) આપણી વર્તમાન શિક્ષણવ્યવસ્થા.

(૩) પ્રકૃતિનાં ભવ્ય અને ભીષણ રૂપો.

(૪) યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે...

૨ નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો.

(૧) મધ્યકાલિન ગુજરાતી આખ્યાન : સ્વરૂપ અને વિકાસ.

(૨) ગુજરાતી લલિત નિબંધ : આરંભ અને મહત્ત્વનાં સ્થિત્યંતરો.

(૩) કલા ખાતર કલા.

(૪) અનુ આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા.

૩ નીચે આપેલી કાવ્યકૃતિનો રસલક્ષી આસ્વાદ કરાવો :

**સ્વજનોની સ્મૃતિ**

જીરણ થઈને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,
રજનિ નમતાં જે ઢાળીને પિતાજી પુરાણની
જીવન બળને દેતી કે'તા કથા રસની ભરી,
પુર ઘરસમું હેતે મ્હોર્યું હતું પરસાળમાં.

મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું :
નિતનિત વલોણાનાં એનાં અમી ઘરતી હતી,
સુરભિ હતી જ્યાં સૌની વાંછા સદા ફળતી હતી,
અવ અહીં ઝૂલે ખાલી સીકું, વિના દધિ ઝૂરતું.

અહીં ઉપરની મેડી જોને કશી વલખી રહી !
પ્રિય ! ઉછળતાં બે હૈયાંનો થયો અહીં સંગમ.
અહીં પૂનમની રાતે મોજે ચડ્યાં ભરતી સમઃ
ગગન ઝીલતી જાળી જાળાં થકી અવ આંધળી.

ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું,
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલતું.

**- રાજેન્દ્ર શાહ**

**અથવા**

૩ નીચે આપેલી કાવ્યકૃતિનો રસલક્ષી આસ્વાદ કરાવો :

**સ્વજનને પત્ર**

હાંફળાફાંફળા મુસાફરો
ગાડીમાં ગરકાવ થઈ જાય
તે પહેલાં
ગાડી
કથ્થાઈ બારીઓ પર બદામી કોણીઓ ટેકવી ઊભેલી
દરેક વ્યક્તિના પેટમાંથી પસાર થઈ જાય છે.
ખાલી પાટા, બોગદું પુલ,
વેઈટિંગ રૂમના બારણાનો ફરી ધ્રૂજતો આગળિયો.
મારા શરીરની આજુબાજુ તરતી
બે મનુષ્યોનાં શરીરની ગંધ
ક્ષણવારમાં ઊડી ગઈ.
એની સાથે મારા શરીરની ગંધેય ઊડી.
(હંમેશા જનાર વ્યક્તિ જ જતી હોય
એવું નથી;
દરેક વદાય વખતે
વળાવનાર વ્યક્તિનો કોઈ અંશ
ગાઢી સાથે અચૂક ચાલી નીકળે છે.)
પાછો ફર્યો
ત્યારે કોરા પરબીડિયા જેવું ઘર
મને વીંટળાઈ વળ્યું.

**- ગુલામ મોહમ્મદ શેખ**

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો :

Criticism is the exercise of judgment in the province of art and literature, and the critic is a person who is possessed of the knowledge necessary to enable him to pronounce right judgments upon the merit of worth of such works as come within this province. The term 'judgment' – xplols – was first used in this special sense by the Alexandrian Scholars (300-146 B.C), who approached the study of books under five heads, the arrangement of the matter (stopowals), the fixing of accents (avayvwals), the syntax (Teyvn), explanatory comment (eenynous), and 'judgment' on the merit and authorship of the work in question (xplols). It was therefore primarily applied to judgment upon books, and indeed even now when we speak of 'criticism' and critics, we generally refer to such literary 'judgment'; but when we wish to indicate a judgment on works of art other than books, we place a qualifying word before the term and speak of art criticism or dramatic criticism, as the case may be. Here too we shall use the words criticism and critic chiefly, though not entirely in this original and specialized sense of judgment and judges of books.

અથવા

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો :

The origin and purpose of the lesser arts are simple and easily understood. These arts arising from man's neutral desire to provide himself conveniently with the elementary requirements of food and shelter, clothing and locomotion, grew with the growth of civilization. Their purpose is no less definite; and the principle which lies at their foundation, and which itself furnishes a test

of the works which they severally produce, is utility. So far reaching is this principle that they are often (and rightly) called the 'useful' arts. The characteristic merit, therefore. of house, of a chair, or of a vessel in metal or clay, is to fulfil the purpose for which it is intended; and beauty of form in them is nothing else than the instant revelation of this capacity. It is mainly by virtue of this revelation that such objects satisfy the eye and mind; and all decoration or decorative effect which does not contribute to this revelation, being meaningless, lessons instead of increasing the beauty of the objects it is intended to adorn.

૫ નીચેનામાંથી કોઈ પણ **બે**નો અર્થવિસ્તાર કરો :

(૧) રૂઝવે જગના જખ્મો, આદર્શાંને પૂરાં કરે,
ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.

(૨) નીતિ એ કળાની વિષકન્યા છે.

(૩) સબસે ઊંચી પ્રેમસગાઈ.

(૪) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી.

---